**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૭ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૭૯ ટકા

# ત્રીજું નોરતું : ૧૦ ભૂજાવાળી માં ચંદ્ર ઘંટાની પૂજાનું વિશેષ મહત્વ

## આ દિવસે માતા ચંદ્રઘંટાની પૂજા કરવાથી વ્યક્તિનો સ્વભાવ સૌમ્ય અને વિનમ્ર થાય છે



નોરતાના ત્રીજા દિવસે થાય છે દેવી ચંદ્રઘંટાની પૂજા માતાની પૂજા કરવાથી વ્યક્તિનો સ્વભાવ વિનમ્ર થાય છે. નવરાત્રીના ત્રીજા દિવસે એટલેકે ૨૮ સપ્ટેમ્બરે દેવી ચંદ્રઘંટાની પૂજા કરવાનુ વિધાન છે. આ દિવસે માતા ચંદ્રઘંટાની પૂજા કરવાથી વ્યક્તિનો સ્વભાવ સૌમ્ય અને વિનમ્ર થાય છે. આ સાથે તેમના જીવનમાં અપાર ખુશીની વૃદ્ધી થાય છે.

### દેવી ચંદ્રઘંટાનું અલૌકિક સ્વરૂપ

શાસ્ત્રો મુજબ માતા ચંદ્રઘંટાનો રંગ સોનાની જેમ તેજવાન છે. માતાને ત્રણ આંખો અને દસ ભુજાઓ છે. જેમના દરેક હાથમાં કમળનુ ફૂલ, ગદા, બાણ, ધનુષ, ત્રિશુળ, ખડગ, ચક્ર, ખપ્પર અને અગ્નિ સુશોભિત છે. માં ચંદ્રઘંટા વાઘ પર બેસીને આવે છે અને દરેક સમયે યુદ્ધ માટે તૈયાર રહે છે.

### પૂજા મહત્વ

માતા ચંદ્રઘંટાની પૂજા કરવાથી સાધકના તમામ દુઃખ-દર્દ દૂર થાય છે અને તેઓ નિર્ભય અને વીર બને છે. દેવીની આરાધના કરવાથી વ્યક્તિના મુખ, આંખો અને કાયામાં સકારાત્મક વિકાસ થાય છે. આ સાથે બુદ્ધી અને જ્ઞાનમાં વધારો થાય છે.

### દેવી ચંદ્રઘંટા પૂજા વિધિ

નોરતાના ત્રીજા દિવસે બ્રહ્મમુહૂર્તમાં ઉઠીને સ્નાન વગેરે કરીને પૂજા સ્થળની સફાઈ કરો. પછી નિત્યપૂજાની સાથે ઓમ દેવી ચંદ્રઘંટાયૈ નમ: મંત્રનો જાપ કરો. ત્યારબાદ માતાને ગંધ, ફૂલ, ધૂપ, અક્ષત, સિંદૂર વગેરે અર્પણ કરો અને દૂધમાંથી બનાવેલી મિઠાઈનો ભોગ ધરાવો.



## જન્મદિને વધામણી



જયદીપ ચૌહાણ
મો. ૯૯૯૮૮ ૧૦૩૫૩



નટવરલાલ ટી પરમાર
મો. ૯૪૨૬૭ ૭૯૧૫૩



ઝંકૃતિ ચંદ્રકાન્ત રાવલ
મો. ૯૭૨૬૧ ૬૬૧૧૩



પારૂલ નિખિલ બક્ષી
મો. ૯૮૨૪૦ ૬૦૧૨૯



દિવ્યરાજસિંહ સંજયસિંહ ચંપાવત
મો. ૯૪૨૯૬ ૦૧૫૧૭



યશ ગૌરાંગ પટેલ



દર્શિત મિલનભાઈ રાજ્યગુરુ
મો. ૯૮૨૫૩૬૨૬૪૧

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીઓનું ડેન્ટલ ચેકઅપ



ગાંધીનગર, તા.૨૭

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ માં લાયન્સ ક્લબ, ગાંધીનગરના સહયોગથી વિદ્યાર્થીઓ નું ડેન્ટલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. નિયમિતપણે કરવામાં આવતું ડેન્ટલ ચેકઅપ મૌખિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ગંભીર બનવાની સંભાવનાને ઘટાડે છે. વિદ્યાર્થીઓના મૌખિક સ્વાસ્થ્યને મજબૂત રાખવા ના હેતુથી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ દ્વારા લાયન્સ ક્લબ, ગાંધીનગરના સહયોગથી વિદ્યાર્થીઓનું ડેન્ટલ ચેકઅપ કરવામાં આવ્યું. લાયન્સ ક્લબ, ગાંધીનગરના પ્રેસિડેન્ટ ડિમ્પલબહેન દેસાઈ તથા ટ્રેઝરર ભૂમિબહેનના માર્ગદર્શન હેઠળ અત્યારના બધા જ આધુનિક સાધનોની મદદથી લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા દરેકે દરેક વિદ્યાર્થીઓનું ડેન્ટલ ચેકઅપ કરી તેમને કોઈપણ તકલીફ હોય તો તેના વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. બાળકોને દાંતમાં જો કોઈ તકલીફ હોય તો અત્યારથી તેના પ્રત્યે સજાગ રહે અને તેના માટેની સારવાર શરૂ થઈ શકે તો ભવિષ્યમાં તે ચિંતા રૂપ બની શકતું નથી. તેથી આ દરેકે દરેક બાબતને ધ્યાનમાં લઈ બાળકોનું ડેન્ટલ ચેકઅપ કરી અને તેમને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ગાંધીનગરની બીબીએ કૉલેજનાં ૧૫૦ વિદ્યાર્થીઓ દ્વારા મધુર ડેરીની ઇંડસ્ટ્રિયલ વિઝિટ



ગાંધીનગર, તા.૨૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થીઓને બે અલગ અલગ દિવસે ઔધોગીક મુલાકાત માટે ગાંધીનગર ખાતેની પ્રતિષ્ઠિત મધુર ડેરીમાં લઈ જવામાં આવ્યા.મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓ ખાલી પુસ્તકીયુ જ્ઞાન મેળવે તો સમાજ અને ઉધોગ જગત તેનાથી લાભાન્વિત બની શકે નહી ત્યારે બીબીએ.કૉલેજ દ્વારા સાંપ્રત સમયની માંગને અનુલક્ષીને વિદ્યાર્થીઓ ને ત્રણ વર્ષનાં અભ્યાસકાળ દરમ્યાન ૬ વખત ઈંડસ્ટ્રિયલ વિઝિટ કરાવવા નો નિર્ણય લેવા માં આવ્યો છે. સંસ્થાનો અભિગમ છે.કે કોઈપણ વિદ્યાર્થી વ્યવસાય કે નોકરી વીના ન રહે તે માટે અથાક પ્રયત્નો કરવા માં આવી રહ્યા છે. જેના ભાગ રૂપે સંસ્થા દ્વારા Placement & Training તેમજ Entrepreneurship Cell કાર્યરત છે. જેમા વિદ્યાર્થીઓ ની રુચિ પ્રમાણે તેમને કારકિર્દી નું ઘડતર કરવામાં મદદરૂપ થવા માં આવે છે. વિઝિટ દરમ્યાન વિદ્યાર્થીઓને ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા હતા. આ મુલાકાત દરમ્યાન ૭૬ અને ૭૮ બંને દિવસે વિદ્યાર્થીઓને ૩૮- ૩૮ વિદ્યાર્થીઓની ૨ ટીમમાં વિભાજીત કરી પ્રોડક્શન અને ઑપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવા માં આવ્યુ હતુ.

## અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટયુટ ખાતે "ફાર્માસિસ્ટ ડે" ની ઉજવણી




ગાંધીનગર, તા.૨૭

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટયુટ ખાતે "ફાર્માસિસ્ટ ડે" ઉજવવામાં આવ્યો હતો.તેમાં સ્લોગન કોમ્પીટીશન, ફાર્મા ક્વિજ ,એક્ષ મેકિંગ અને ફાર્મા રેલી નું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કોલેજના વાઈસ પ્રિન્સીપાલ ડૉ.વિનય દરજી અને ડૉ.સુનીતા ચૌધરીના માર્ગદર્શનહેઠળ ડૉ.જલ્પા સોનીએ ઈવેન્ટનું સફળતા પૂર્વક આયોજન કર્યું હતું. ફાર્માસિસ્ટ ડેમાં કોલેજના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ફાર્મા રેલી પ્રોગ્રામના અંતે ઉવારસદ ગામમાં ફાર્મા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ, તેમાં બેનર અને પોસ્ટર દ્વારા આલ્કોહોલ, પ્રિવેન્સ, ડ્રગ અબ્યુશ અને રેશનલ યુઝ ઓફ ડ્રગ અંગે જાગૃતિ ફેલાવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

## એમબી પટેલ સ્કુલમાં હિન્દી દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગર સંચાલિત એમ બી પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં ગત ૨૩મી સપ્ટેમ્બર શુક્રવારના રોજ ખીમજી વિશ્રામ સંસ્કાર હોલમાં બેંક ઓફ બરોડા ગાંધીનગર અને અંધજન શાળાના સંયુક્ત ઉપક્રમે હિન્દી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં શાળાના સમગ્ર વિદ્યાર્થીઓ, શિક્ષકો, બેંક ઓફ બરોડાના વરિષ્ઠ અધિકારીઓ, અંધજન શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ડાયરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા. સવારે ૭:૩૦ વાગે અંધજન શાળાના દિવ્યાંગ વિદ્યાર્થીઓને આમંત્રિ પૌષ્ટિક નાસ્તાનું આયોજન કર્યું હતું. ત્યારબાદ સવારે ૯:૦૦ કલાકે ખીમજી વિશ્રામ હોલમાં અંધજન શાળાના વિદ્યાર્થીઓ એ તેમની કલા બતાવી દર્શકોને ભાવવિભોર બનાવી દીધા હતા. તેમણે રજૂ કરેલા દેશભક્તિ અને અન્ય ગીતો દ્વારા દર્શકોમાં બેઠેલા વિદ્યાર્થીઓ અને શિક્ષક મિત્રો રડી પડ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચ્યને ભારે જહેમત ઉઠાવી હતી તથા અંધજન શાળાના વિદ્યાર્થીઓ તથા અમારી શાળાના વિદ્યાર્થીઓની સાથે હંમેશા રહેવાની ખાતરી આપી આશિવચન પાઠવ્યા હતા.

## ડિફેન્સ યુનિકોર્નના વિદ્યાર્થીઓનો એનડીએની પરીક્ષામાં ઉત્તમ દેખાવ

ગાંધીનગર, તા.૨૭

તાજેતરમાં જ સંરક્ષણ ક્ષેત્રે ઓફિસર તરીકે નિયુક્ત થવા માટેની રાષ્ટ્રીયસ્તરની પરીક્ષા એન.ડી.એ.ના લેખિત પરીક્ષાના પરિણામ જાહેર થયા. જેમાં ગાંધીનગર તેમજ અમદાવાદ સ્થિત ગુજરાત ભરના સંરક્ષણ ક્ષેત્રે જોડાવા માંગતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત તેમજ તૈયાર કરતી અગ્રણી સંસ્થા ડિફેન્સ યુનિકોર્નના એક - બે નહીં પણ પૂરા છ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ સંરક્ષણ ક્ષેત્રે ઓફિસર બનવા માટેના સપના તરફ સફળતા પૂર્વક આગળ વધ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર કેવલ પરમાર,આદિત્ય પાંડે, નીલકમલ, સાવન જગાની, હેનીલ તથા દેવરાજ નામના વિદ્યાર્થીઓએ આ પરીક્ષા ઉત્તીર્ણ કરી પોતાના માતા પિતા તથા પૂરા રાજ્યનું નામ રોશન કર્યું છે. લગભગ સાડા ચાર લાખ વિદ્યાર્થીઓ એ આ પરીક્ષામાં ભાગ લીધેલ હતો જેમાંથી લગભગ ફક્ત ૮૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ પરીક્ષા પાસ કરી યુ.પી.એસ.સી દ્વારા બહાર પાડેલ પસંદગી પામેલ વિદ્યાર્થીઓના લિસ્ટમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ વિશે ડિફેન્સ યુનિકોર્ન સંસ્થા સાથે જોડાયેલ તથા ગણિતના તજજ્ઞ પરિધિ મેડમે આ અંગેની વાતચીતમાં જણાવ્યું કે આ વખતે ગણિતનું પેપર સામાન્ય કરતા થોડું વધુ અઘરું પુછાયેલ હતું પણ વિદ્યાર્થીઓ એના માટે સંપૂર્ણ તૈયાર હતા જેથી એમના માટે આ પેપર અડચણરૂપી સાબિત ન થયું હતું. અને વધુ એક ખુશખબરીની વાત એ છે કે સંસ્થા સાથે જોડાયેલ સિનિયર કમાન્ડન્ટ ભારદ્વાજ સાહેબના જણાવ્યા અનુસાર આ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષા પછીના પડાવ એટલે કે એસ.એસ.બી માટેની જાણકારી તથા તેઓના પરીક્ષાને લઈ ને સવાલોના ઉકેલ માટે ૩ દિવસ ફ્રી ઓનલાઈન વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓ સંસ્થાના વ્હોટસએપ તથા હેલ્પલાઈન નંબર ૬૩૫૧૨ ૯૯૨૦૬ ઉપર સંપર્ક કરી ફ્રી રજીસ્ટ્રેશન કરાવી શકે છે. વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ વર્કશોપમાં ભાગ લે તેવી એમને ઈચ્છા વ્યક્ત કરી હતી.



સિદ્ધાર્થ લૉ કોલેજ ખાતે ગરબાનું આયોજન કરાયુ હતુ. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા ચાંદખેડા ખાતે આનંદનો ગરબો યોજાયો હતો.



૨૮મી માસ્ટર ટેબલ ટેનિસ ચેમ્પીયનશિપ-૨૦૨૧-૨૨ તા.૨૩ થી ૨૮ ઓગષ્ટ દરમ્યાન શ્રીનગર મુકામે યોજાઈ હતી. જેમાં જિલ્લામાંથી દિવ્યા પંડ્યા તેમજ હરેશ રાઠોડે ગુજરાતની ટીમ માંથી પ્રતિનિધિત્વ કર્યુ હતું. જેમાં કલેક્ટર કચેરી ગાંધીનગરમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતાં ૫૦ વર્ષીય દિવ્યા પંડ્યાએ મહિલા કેટેગરીમાં દ્વિતિય સ્થાન મેળવ્યું હતું.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ.સોલંકી ફુલીબેન જીવાભાઈ ઉ.વ.૬૪, સેક્ટર-૨૪, છાપરા
- સ્વ.રાવલ ભાલચંદ્ર વિઠ્ઠલદાસ ઉ.વ.૮૦, સેક્ટર-૨૮

**● રૂદ્રભૂમિ ●**

- સ્વ.કેવલરામાણી રાધાબેન ભોગવામલ ઉ.વ.૭૪, સેક્ટર-૨